http://www.howtoexam.com

* S B - 0 4 0 3 / 1 2 0 0 *

# SB-0403

## Second Year B. Com. Examination

### March / April – 2011

## Gujarati (Compulsory)

Time : 3 Hours] [Total Marks : 70

**સૂચના :**

નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fillup strictly the details of ☛ signs on your answer book.

Name of the Examination :
☛ S.Y.B.Com.

Name of the Subject :
☛ Gujarati (Compulsory)

☛ Subject Code No. : 0 4 0 3   ☛ Section No. (1, 2,.....) : Nil

Seat No. :

Student's Signature

૧ "નન્નુ ઉસ્તાદ" અને "સ્વ. ફૈયાઝખાં' નામના નિબંધોમાં કિશનસિંહ ચાવડાએ બંને સંગીતમર્મજ્ઞોનાં વ્યક્તિચિત્રોની સાથે સંગીતના વિવિધ રાગોનાં ભાવચિત્રો પણ ઉપસાવી આપ્યાં છે." આ વિધાનની સાર્થકતા નિબંધોને આધારે સિદ્ધ કરો. ૧૨

**અથવા**

૧ 'મંગળસૂત્ર' અથવા 'અફલાતૂન' - બેમાંથી કોઈ એક નિબંધનું રસદર્શન કરાવો. ૧૨

૨ ધૂમકેતુએ સર્જી હોય એવી ગુલબ્બોનું પાત્ર મોહક વાતાવરણ પેદા કરે છે અને નિરપેક્ષ સ્નેહથી હૃદયને ભરી દે છે." આ વિધાનની યથાર્થતા 'બંસી કાહે કો બજાઈ' નિબંધને આધારે સમજાવો. ૧૨

**અથવા**

૨ "અજવાળામાં અને અંધારામાં", "ગાંધીજીના પુણ્ય પ્રતાપે" અને "ભણતરનો અંધાપો" જેવા નિબંધોમાં આઝાદી પછીના ભારતની છબિ અંકિત થઈ છે." આ વિધાનની સાર્થકતા નિબંધોને આધારે સમજાવો. ૧૨

૩ (અ) ટૂંકનોંધ લખો : (ગમે તે એક) ૫

(૧) 'અફલાતૂન'નું વ્યક્તિચિત્ર

(૨) 'ફક્કડચાચા'નું પાત્રનિરૂપણ

(૩) 'પાણીમૂક' નિબંધમાં વ્યક્ત થતી પ્લેગની ભયાનકતા.



Find out high school and intermediate school board question papers, Guess paper

http://www.howtoexam.com

(બ) પૂર્વાપર સંબંધ આપીને સમજાવો : (ગમે તે બે) ૬

(૧) એક દિન હમારી જિંદગી કા તાર ભી ઐસા હી તૂટેગા.

(૨) ગુલબ્બો ! વો ગા.. બંસી કાહે કો બજાઈ !

(૩) હું પણ બાળકનો કાકો થાઉં. મારે પણ કંઈ આપવું જ જોઈએને !

(૪) અમે જિપ્સી છીએ. આખું જગત અમારો દેશ છે !

૪ ઓવરડ્રાફ્ટની સગવડ મેળવવા માગતા ગ્રાહક તરફથી બૅન્કને પત્ર લખો. એપ્રુવ્ડ સિક્યુરિટી ન આપી શકનાર ગ્રાહકને ઓવરડ્રાફ્ટની સગવડ આપવાનો ઈનકાર કરતો પત્ર બૅન્ક તરફથી પણ લખો. ૧૨

**અથવા**

૪ પ્રીમિયમના દરોમાં ઘટાડાની દરખાસ્ત કરતો પત્ર વ્યાપારી પેઢી તરફથી લખો. ન્યૂ ભારત મરિન ઈન્સ્યુરન્સ કંપની, મલાડ, મુંબઈ તરફથી તેનો સ્વીકાર કરતો પ્રત્યુત્તર પણ પાઠવો. ૧૨

૫ વાંચે ગુજરાત અભિયાનમાં ભાગ લેવા અનુરોધ કરતો પરિપત્ર ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર તરફથી તૈયાર કરો. ૧૨

**અથવા**

૫ સેક્રેટરી તરફથી શૅરહોલ્ડરને કંપનીના બોર્ડ ઑફ ડિરેક્ટર તરીકે જોડાઈ જવાનો અનુરોધ કરતો પત્ર લખો. શૅરહોલ્ડર તરફથી યોગ્ય પ્રત્યુત્તર પણ પાઠવો. ૧૨

૬ (અ) પ્રૂફરીડિંગ કરી, ભૂલો સુધારીને ફકરાનું પુનઃલેખન કરો : ૫

સ્વપનોનાં ખંડીએરમાં એણી છબિ ન સોધ,
વેરાન રણમાં હોય ના શંભવ વસન્તનો,
ખુશબુનાં તોરનોથી શજાવ્યો છે બાગને,
ઉજવી રહીયાં છે ફુલરાં ઉતસવ વશંતનો.

(બ) સંવાદ લેખન કરો : (ગમે તે **એક**) ૬

(૧) પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવા બાબતે વિદ્યાર્થીઓ અને અધ્યાપકો વચ્ચે થયેલા સંવાદોનું આલેખન.

(૨) 'થ્રી ઈડિયટ' ફિલ્મ અંગે દિગ્દર્શક અને કૉલેજના વિદ્યાર્થીઓ વચ્ચે થયેલા સંવાદોનું આલેખન.

---



Find out high school and intermediate school board question papers, Guess paper